# નંદ ઘેર આનંદ ભયો

(બાલ કાવ્યો)

- ચંદ્રકાન્ત રાવ

: પ્રકાશક :

**ચંદ્રકાન્ત રાવ**

સી/૧૩, કસ્તુરી નગર, માંજલપુર નાકા,

લાલબાગ રોડ, વડોદરા-૩૯૦૦૦૪

**: પ્રાપ્તિસ્થાન :**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ–૩૮૮૦૦૧

**Nand Gher Anand Bhayo**

A Collection of Children Poetry

by **Chandrakant Rao - 2011**

© **સૌ. કલાબેન સી. રાવ**

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

પ્રત : ૫૦૦

મૂલ્ય રૂા. : ૫૦

**નંદ ઘેર આનંદ ભયો**

**ચંદ્રકાન્ત રાવ**

**-: સજાવટ :-**

ગુર્જરી સાહિત્યાલય ડાકોર

**-: મુદ્રક :-**

ચરોતર સાહિત્યાલય નડિયાદ

**-: પ્રાપ્તિસ્થાન :-**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ આણંદ

**-: મુદ્રક :-**

અર્પણ પ્રિન્ટરી, આણંદ

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની
આર્થિક સહાયથી પ્રકાશિત

# અર્પણ

## મારી સાહિત્યિકયાત્રાને ઉષ્માભર્યું
## પ્રોત્સાહન આપનાર ઉદારદિલ દંપતી



**શ્રી ભાલચંદ્ર એલ. રાવ**

અને

**સૌ. ઉષાબેન ભાલચંદ્ર રાવ**

(કડીપુર) ને

સસ્નેહ અર્પણ

## શ્રી ચંદ્રકાન્ત રાવનાં અન્ય પુસ્તકો

**નવલકથા :-**

૧. પ્રેમદીવાની (ત્રણ આવૃતિ - ૧૯૬૮-૧૯૯૩-૨૦૦૯)
૨. આરાધના (ગ્રન્થસ્થ ૧૯૭૬ અને ધારાવાહિક)
૩. જેલમ જંપી ગઈ (બે આવૃત્તિ ૧૯૭૮,૨૦૦૫)
૪. સામે કાંઠે શ્યામ (ભાગ૧,૨,૧૯૮૩, બીજી આવૃતિ ૨૦૦૯)
૫. રમત રમાડે રામ (૧૯૯૦)
૫-એ. સ્નેહવર્ષા ('પ્રેમદીવાની'ની બીજી આવૃત્તિ-૧૯૯૩)
ગ્રન્થસ્થ અને ધારાવાહિક
૬. કુમકુમ પગલે (૨૦૦૯)

**વાર્તાસંગ્રહ :-**

૧. સ્નેહદીપ (૧૯૯૩)
૨. ઘરભણી (૧૯૯૮)
૩. આંબાની ડાળે (૨૦૦૩)
૪. પીળાં પાંદડાંની લીલાશ (૨૦૦૯)

**કાવ્યસંગ્રહ :-**

૧. ગોરી મારા ગામની (૨૦૦૮)

**બાળકાવ્ય સંગ્રહ :-**

૧. છબછબિયાં (૨૦૦૫)
૨. ચાંદામામા પોળી (૨૦૦૬)
૩. મોહન મોરલીવાળો (૨૦૦૯)
૪. નંદ ઘેર આનંદભયો (૨૦૧૧)
૫. છૂક છૂક ગાડી (૨૦૧૧)
૬. ગાતો હસતો જાય કનૈયો (૨૦૧૧)

**ચિંતન લેખો :-**

૧. વિસામો

# એક સાહિત્યકારની ઊર્મિનો ઉદ્ગાર

## "એક વિરલ વ્યક્તિત્વ"

## શ્રી ચંદ્રકાન્તભાઈ રાવ

**- શ્રી યશવંત કડીકર**

શિક્ષણ અને સાહિત્યનો અનેરો સંગમ એટલે વડોદરા નિવાસી, માનવપ્રેમી શ્રી ચંદ્રકાન્તભાઈ રાવ. એમની પ્રવૃત્તિનો પમરાટ એટલો જ મહેંકતો છે. આટલી જૈફ વયે પણ તેઓશ્રી ખૂબ જ પ્રવૃત્તિશીલ છે.

આપણે ત્યાં કલા સાહિત્યક્ષેત્રે સામાન્ય રીતે માતા-પિતા તરફથી વારસો મળતો હોય છે, એટલે એને કહેવાય કે માતા-પિતા તરફથી એમને કલા-સાહિત્યનો વારસો મળ્યો છે, આપણા આ સર્જક મિત્ર માટે તો એથી ઊલટું છે, એમને સાહિત્ય સર્જનનો વારસો એમના સસરા તરફથી મળ્યો છે. એમના સસરા શ્રી પ્રહલ્લાદભાઈ બ્રહ્મભટ્ટ ઊંચા ગજાના સાહિત્ય સર્જક હતા. એમણે લખેલી નવલકથાઓ આજે પણ હોંશે-હોંશે વંચાય છે. તેઓશ્રી ''જનસત્તા'' જેવા માતબર દૈનિકના 'સહમંત્રી' અને 'તંત્રી' ની જવાબદારી પણ બજાવી ચૂકેલા. આવા દીર્ઘદષ્ટા સસરાના જમાઈ શ્રી ચંદ્રકાન્ત રાવ નિવડેલા સર્જક છે.

૧૯૩૦ માં 'અછાલિયા' (જિ. ભરૂચ) માં શ્રી ચંદ્રકાન્તભાઈનો જન્મ સંસ્કારી માતા-પિતાના ત્યાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ વતનમાં લઈ, ઉચ્ચ શિક્ષણ એમણે સંસ્કારી અને શિક્ષણ નગરી વડોદરામાં લીધું. વડોદરાની વિશ્વ વિખ્યાત યુનિવર્સિટી મહારાજા સયાજીરાવ ગાયકવાડ (એમ.એસ.) યુનિવર્સિટીમાંથી તેઓશ્રીએ બી.એ. (ઓનર્સ), બી.એડ.એમ.એ. અને એમ.એડ. જેવી ઉચ્ચ ડિગ્રીઓ હાંસલ કરી.

તેઓશ્રી એમ.એસ. યુનિવર્સિટીની સેનેટની ચૂંટણીમાં પણ બે-વાર ગૌરવભેર ચૂંટાઈ આવેલા. એમની જ્ઞાતિમાંથી તેઓશ્રી પ્રથમ 'સેનેટર' હતા.

સાહિત્યક્ષેત્રમાં પણ એમનું યશસ્વી યોગદાન રહ્યું છે. પ્રેમાનંદ સાહિત્ય સભા જેવી ગુજરાતની ખ્યાતનામ સાહિત્યીક સંસ્થામાં તેઓશ્રી મંત્રી, ટ્રસ્ટી અને ઉપપ્રમુખ જેવી જવાબદારીઓ સંભાળી ચૂક્યા છે અને આજે આ સંસ્થાના પ્રમુખ તરીકે તેઓશ્રી કાર્યરત છે.

''પ્રેમ દીવાની'' થી ''સામે કાંઠે શ્યામ'' જેવી ખૂબ જ લોકભાગ્ય પાંચ નવલકથાઓ અને 'સ્નેહદીપ' જેવા નવલિકા

સંગ્રહો ગુજરાતી સાહિત્યને એમનું ઉત્તમ નજરાણું છે.

એમની બે નવલકથાઓ ધારાવાહિક રૂપે પ્રગટ થઈ ચૂકી છે. એમના નવલિકા સંગ્રહ "સ્નેહદીપ" માટે જાણીતા વિવેચક પ્રિ. શ્રી રવીન્દ્ર ઠાકોરે નોંધ્યું છે કે - "ગુજરાતી નવલિકા" એ જ્યારે વિકાસપંથ કાપ્યો છે, ત્યારે આ સંગ્રહમાંની વાર્તાઓ 'સ્વસ્થાન સિદ્ધ' કરી શકે એમ છે.

તેમની નવલકથાઓ માટે એવું કહેવાયું છે કે "પિતા-પુત્રી સાથે વાંચી શકે એવી આ સંસ્કારી નવલકથાઓ છે." 'આકાશવાણી' અને 'દૂરદર્શન' પરથી પણ એમની રચનાઓનું પ્રસારણ થઈ ચૂક્યું છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રિય પરિચય ગ્રંથોમાં મોટા સાહિત્ય સર્જકો સાથે એમનો પરિચય પ્રગટ થઈ ચૂક્યો છે.

એમના સમાજ શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળે એમનું સન્માન કરી, એમને એક લાખ રૂપિયાની થેલી અર્પણ કરી હતી, જેમાં પોતાના તરફથી પાંચ હજાર ઉમેરી એમણે સંસ્થાને નમ્રતાપૂર્વક પરત કરી જ્ઞાતી અને સમાજ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરેલું.

તેમનાં પત્ની અ.સૌ. કલાબેન જેઓ જાણીતા લેખક-પત્રકાર સ્વ. શ્રી પ્રહલાદભાઈ બ્રહ્મભટ્ટના સુપુત્રી છે. તેમનું પણ શ્રી ચંદ્રકાન્તભાઈ રાવના સર્વક્ષેત્રિય વિકાસમાં ખૂબ જ મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

એમની સાદગી, નિખાલસતા અને નમ્રતા સૌને સ્પર્શી જાય એવાં છે. જમીનદાર પરિવારમાં જન્મેલા શ્રી ચંદ્રકાન્તભાઈ રાવ સતત પરિશ્રમમાં માને છે. એમનું સાહિત્યિક વાંચન પણ વિશાળ છે. સર્વશ્રી ક.મા. મનશી, પન્નાલાલ, સુંદરમ્, ઉમાશંકર, રાજેન્દ્રશાહ જેવા સાહિત્યસર્જકો એમના સાહિત્ય સર્જનનું પ્રેરણાબળ છે. નાટકોમાં અભિનયક્ષેત્રે પણ એમનું અભિનંદનીય પ્રદાન રહ્યું છે.

* * * * *

## લેખકની સાહિત્યિકપ્રવૃતિની ઝલક



પ્રેમાનંદ સાહિત્ય સભા (વડોદરા)ના પ્રમુખશ્રી ચંદ્રકાન્ત રાવ 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક અને 'ગુજરાત સાહિત્ય અકાદમી'ના મહામાત્ર કવિશ્રી હર્ષદ ત્રિવેદીને 'પ્રેમાનંદ સાહિત્ય સભા'માં પુષ્પગુચ્છથી સત્કારે છે. બાજુમાં સંસ્થાના મંત્રીઓ શ્રી વિરંચિ ત્રિવેદી અને શ્રી મહેશ બ્રહ્મભટ્ટ – 'સત્યમ્'.

(તા. ૨૪–૬–૦૬)



એમ. એસ. યુનિવર્સિટી (વડોદરા)ના ગુજરાતી વિભાગનાં વડા ડૉ. નીતાબેન ભગતને પ્રેમાનંદ સાહિત્ય સભામાં પોતાનાં ત્રણ પુસ્તકોના લોકાર્પણ સમયે પુષ્પગુચ્છથી સત્કારતા સંસ્થાના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત રાવ અને જાણીતા કવિ પદ્મશ્રી સિતાંશુભાઈ મહેતા અને એડવોકેટ શ્રી જગદીશભાઈ શાહ વગેરે.

(તા. ૮–૧–૧૦)

# -: લેખકો ભાવકોના પ્રતિભાવો :-

પરમ સ્નેહીશ્રી ચંદ્રકાન્તભાઈ,

કુશળ હશો, તમારી 'કુમકુમ પગલે' નવલકથા મળી. આમાં ઈતિહાસ અને કલ્પના દ્વારા કથાની સુંદર ભાત ઉપસાવી છે, એ પ્રસન્ન કરે તેવી છે. વડોદરામાં તમારી સુંદર સાહિત્યિક પ્રવૃત્તિઓથી પણ વાકેફ રહું છું અને તેનો આનંદ અનુભવું છું.

(પદ્મશ્રી ડૉ. કુમારપાલ દેસાઈ) સ્નેહાધીન
જાણીતા લેખક અને પૂર્વ પ્રમુખ, કુમારપાલનાં સ્મરણ
ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ)

શ્રી ચંદ્રકાન્તભાઈની શૈલી શ્રી રમણલાલ દેસાઈની શૈલી જેવી છે
"કુમકુમ પગલે" ના લોકાર્પણ પ્રસંગે

– પદ્મશ્રી સિતાંશુ મહેતા

તમે વિવિધ સ્વરૂપે વાર્તા તત્ત્વ પ્રગટ કરો છો એ તમારી સર્જક તરીકેની ગતિ સૂચવે છે. સરળ છતાં હૃદયંગમ ભાવ નિરૂપણ એ તમારી વિશેષતા છે... તમે શબ્દને તપ રૂપે આરાધ્યો છે. (આંબાની ડાળે)

શ્રી ચંદ્રકાન્તભાઈ અભિજાત પુરુષ છે, આગળ વધીને કહું તો તેઓ અજાતશત્રુ છે... તેઓ કવિતા, વાર્તા, નવલ તો લેખે છે જ, પણ પ્રબોધક–સંસ્કારી સાહિત્ય ય લખે છે. ('વિસામો' પુસ્તક અંગે પ્રતિભાવ)

(લુણાવાડા) ડૉ. પ્રવીણ દરજી

તમારી વાર્તાઓ શ્રેયસાધક છે. શૈલીની સરળતા ને સ્પષ્ટતા પણ નોંધપાત્ર છે. અભિનંદન. ('આંબાની ડાળે' નો પ્રતિભાવ)

સુરત (૨૨–૪–૦૩) ડૉ. જયંત પાઠક
(જાણીતા કવિ,લેખક)

પ્રિય ભાઈ,

'જેલમ જંપી ગઈ' (નવલકથા) સંબંધે વિમોચનવેળા હું થોડુંક બોલ્યો હતો. મને એ નવલકથા ખૂબ ગમી છે. એની ત્રીજી આવૃતિ થાય તો નવાઈ નહિ. કોઈ ફિલ્મ કંપનીએ એનું પિક્ચર ઉતારવું જોઈએ. સફળ ચલચિત્રની બધી જ સામગ્રી એમાં ભરપેટે છે.

શુભેચ્છાઓ સાથે –

'અનામી'ના જયશિવ(ડો. રણજીત પટેલ)

સમાજના વિવિધ વર્ગમાંથી આવેલ આ વાર્તાઓ સમાજની રૂઢિઓ, તેના તાણાવાણા, માનવીની સંવેદનાઓ, સંબંધો અને તેની નાજુકાઈને સ્પર્શી જાય એ રીતે મૂકી છે, તે જ આ સંગ્રહ ('પીળાં પાંદડાંની લીલાશ')ની ખૂબી છે. આ સંગ્રહની વાર્તાઓ માનવીના મનના ઊંડાણમાં લઈ જાય છે.

(વડોદરા)

ડૉ. પ્રદીપ પંડ્યા (જાણીતા નવલકથાકાર, વાર્તાકાર)

'પ્રેમાનંદ સાહિત્ય સભા' ના પ્રમુખશ્રી ચંદ્રકાન્ત રાવ મોટી ઉંમરે બાલકાવ્ય સર્જન તરફ વળ્યા તે ખૂબીની વાત છે.. એમનાં કાવ્યોમાં વૈવિધ્ય, ગેયતા અને કલ્પનાશીલતા છે...

ડૉ. લવકુમાર દેસાઈ (નાટ્યકાર, ચિંતક, વિવેચક)

નવલકથાકાર અને વાર્તાકાર શ્રી ચંદ્રકાન્ત રાવ 'છબછબિયાં' દ્વારા બાલકાવ્યો લઈને આવે છે એ ઘણી મોટી વાત છે. એમાં એમના અનુભવનો નિચોડ હોય.

ડો. ચિનુમોદી
(જાણીતા શાયર, નાટ્યકાર, વિવેચક, ચિંતક)

બાળમાનસને કેન્દ્રમાં રાખીને, કાવ્યોના વિષય, ભાષા વગેરેનું ચયન અને પ્રયોગ એટલાં સરળ, સહજ અને સ્વાભાવિક છે કે ક્યાંય દુર્બોદ્ધતાનો અહેસાસ થતો નથી.

– ડો. રશીદ મીર
(જાણીતા શાયર, તંત્રીશ્રી : 'ધબક')

હરીન્દ્ર દવે પછી આવી નવલકથા ('સામે કાંઠે શ્યામ') વાંચવા મળી. રાધા આજીવન કૃષ્ણથી વિરહિત રહી તેમ તમે પણ 'અલ્પા'ને વિરહીણી મૂકી છે તે વાર્તાકારની સફળતા છે. વચ્ચે વચ્ચે ગીતો પણ રંગ પૂરે છે. નવલિકા લેખક તરીકે તો તમને ઘણા વખતથી ઓળખતો આવ્યો છું. ધન્યવાદ

– રામજીભાઈ કડિયા
(જાણીતા લેખક) (કડી)

તમારી નવલકથા 'સામે કાંઠે શ્યામ' વાંચી, અલ્પા અને મૌલિકના અમદાવાદની પશ્ચાદભૂમિમાં રચાએલ કથા રસપ્રદ છે. મજા આવી. સ્નેહાધીન

પ્રિયકાન્ત પરીખ (લોકપ્રિય નવલકથાકાર)
અમદાવાદ

**United States Library of Congress,**
**New Delhi, India.**

Dear Sir,

we have received a work of which you are the author In order to process it, we need some data.. The information sent by you will be used to distinguish your name from other persons listed in the catalogs of American Libraries.

Sincerely Yours,
(Mrs.) Eunice Stutoman Gupta

'પ્રેમાનંદ સાહિત્ય સભા' જેવી ગુજરાતની ખ્યાતનામ સાહિત્યિક સંસ્થાના પ્રમુખ તરીકે કાર્યરત એવા શ્રી ચંદ્રકાન્ત રાવની ખૂબ જ લોકભોગ્ય પાંચ નવલકથાઓ ('પ્રેમદીવાની' થી 'સામે કાંઠે શ્યામ')અને 'સ્નેહદીપ' જેવા નવલિકા સંગ્રહો ગુજરાતી સાહિત્યને એમનું ઉત્તમ નજરાણું છે.

– યશવંત કડીકર
(જાણીતા વાર્તાકાર, કવિ, ચિંતક, વિવેચક)

આપની કૃતિઓથી હું પ્રભાવિત થયો છું. સારી અને સાચી લાગણી આપણો સમાજ સમજે એ જ અભ્યર્થના... સ્નેહાધીન,

– બી. એલ. રાવ (અમેરીકા)

તમે ભલે 'ચન્દ્ર' કહેવાયા પણ કાવ્યમોતી ચરનારા યે છો.
('ગોરી મારા ગામની' કાવ્યસંગ્રહનો પ્રતિભાવ) (૧૧-૧૧-૦૭)
રાધેશ્યામ શર્મા (જાણીતા લેખક, વિવેચક, ચિંતક)

શ્રી રાવ નવલકથાકાર અને વાર્તાકાર તરીકે ખ્યાતનામ હોવાથી અને અનેક સામયિકોમાં એમની કૃતિઓ પ્રગટ થતી હોવાથી લેખન–નિપૂણતા એમની પાસે હોય તે સ્વીકારી શકાય.

– રવિન્દ્ર ઠાકોર

('કિતાબઘર', લોકસત્તા–જનસત્તા)

સ્નેહીશ્રી ચંદ્રકાન્તભાઈ,

તમે સંસ્કારનગરી વડોદરાની સાહિત્યિક–સાંસ્કૃતિક–શૈક્ષણિક–પ્રવૃત્તિઓમાં સક્રિયતા દાખવવાની સાથે નવલકથા અને નવલિકા સાહિત્યના સર્જનમાં રસ દાખવ્યો છે એ અભિનંદનીય છે.

(અમદાવાદ)

પ્રા. પ્રસાદ બ્રહ્મભટ્ટ (જાણીતા વિવેચક, ચિંતક)

પ્રિયશ્રી ચંદ્રકાન્તભાઈ,

આપની સુંદર નવલિકાઓ વાંચી, માણી... નવલિકામાં ખૂબ જ ટૂંકા વ્યાપમાં ચમત્કૃતિ ઉત્પન્ન કરવી એ અઘરું કામ છે. આ કળા આપે સુપેરે સિધ્ધહસ્ત કરી છે. આપ 'પ્રેમાનંદ સાહિત્ય સભા' જેવી માતબર સંસ્થાના પ્રમુખ છો એ ગૌરવની વાત છે.

નટવરલાલ એમ. બ્રહ્મભટ્ટ

B.A., LL.B., I.R.S.C.

F.I.C.A. (Advocate) (મુંબઈ 26-7-04)

ગામ તડકો, આકાશ, પરોઢ, પૂર્વની સિંદુરી રંગી, સંધ્યાના સિંદુરિયા શ્વાસની અનુભૂતિનું કથન શ્રી ચંદ્રકાન્ત રાવની કવિચેતનાની ઉપલબ્ધિ છે... 'મેળામાં મ્હાલતી ગોરી મારા ગામની'...ગતિશીલ શબ્દચિત્ર રચતી આ શબ્દાવલિની નિર્વ્યાજ પ્રાસાદિક બાની કેવી તો ભાવસૃષ્ટિ રચે છે! કવિ મસ્તરંગી પ્રકૃતિઓના અસબાબથી સ્વસ્થ દર્શનને નિરૂપે છે, એ કવિ શ્રી ચંદ્રકાન્ત રાવની ચેતનાની ઉપલબ્ધિને પોંકીએ...

– ડૉ. સુભાષ દવે (જાણીતા વિવેચક)

'ગોરી મારા ગામની'ના લોકાર્પણ પ્રસંગે

ટૂંકી વાર્તા, કાવ્યો, ચિંતનલેખ, રેડિયો નાટક, બાળ સાહિત્ય અને નવલકથા... આ વૈવિધ્યને અંકે કરી સર્જન કેડીએ ચાલનાર ચંદ્રકાન્ત રાવનાં નિખાલસતા, નમ્રતા અને સાદગી સૌને સ્પર્શી જાય છે.

– ત્ર્યંબક જોષી ('દિવ્યભાસ્કર' દૈનિક)

'ગોરી મારા ગામની' કાવ્યસંગ્રહનો ઉજાસભર્યો ઉઘાડ જ સુંદર શબ્દરચનાના આવિષ્કારથી થયો છે : 'તડકો ભરી લો ગજવે મારા ગામનો, કેવું ઉજળું અહીં આકાશ છે!' લાલિત્યસભર લયની શબ્દાળુતા આ કાવ્યસંગ્રહ ('ગોરી મારા ગામની')નો શ્વાસ છે... શ્રી ચંદ્રકાન્તભાઈએ આ કાવ્યસંગ્રહમાં નારીને અનેકરૂપે કાવ્યસ્વરૂપે સ્મરી છે અને કંડારી છે. કવિશ્રીએ આ સંગ્રહમાં વિષય વૈવિધ્ય સાથે હાઈકુ, મુક્તકો, અછાંદસ કાવ્યો, ગઝલો, ગરબા, ગીતો, વગેરે આમે જ કરી તેમના વર્ષોના કાવ્યો, અને કવિઓ સાથેના સંબંધોનું નવનીત પાથર્યું છે..

– શ્રી કીર્તિકાન્ત પુરોહિત

(જાણીતા ગઝલકાર, વાર્તાકાર, ગીતકાર)

યૌવનનું મનોહારી, નિર્મળ, સુભગ, સાત્ત્વિક વર્ણન તથા શબ્દ–ચિત્રાત્મક કાવ્યો વાંચકોના દિલમાં સાધારીકરણનો ભાવ ઉત્પન્ન કરી જાય છે. કવિ અનુભવે છે તેવો જ ભાવ વાંચકો પણ અનુભવે છે.

પ્રો. રમણભાઈ ઠક્કર – 'ગીતાપ્રેમી'
('ગોરી મારા ગામની'નો પ્રતિભાવ)

Dear Shri Rao,

Thank you for your Tribute to Late U. S. President John F. Kennedy... I have pleasure in Forwarding it to Mrs. Kennedy, who i am sure will appreciate it.

Donald To Shea
(Director, United States Information Service)

શ્રી ચંદ્રકાન્તભાઈ રાવ,

'સ્નેહદીપ' વાર્તાસંગ્રહ સાચે જ સ્ત્રીનાં કલ્યાણકારી અને મંગલમય સ્વરૂપોના પાવક પ્રસંગ છે. તે સર્વ ગમ્યા, માણ્યા અને તે માટે આપના સુકાર્યને બિરદાવવા 'સંસ્કાર પારિતોષિક' એનાયત કરતાં આનંદ અનુભવું છું... હાર્દિક અભિનંદન...

વિઠ્ઠલભાઈ પટેલનાં સ્નેહ સ્મરણ.
(નિયામક : 'સંસ્કાર પરિવાર')

## આ કાવ્યોની ટૂંકી કથા :

વાર્તાઓ અને ઊર્મિગીતોની સાથે સાથે બાળકાવ્યો પણ લખાતાં રહ્યાં. એવાં ઘણાં બાળકાવ્યો તૈયાર થયાં, એમાંથી વિષય વૈવિધ્યને ધ્યાનમાં રાખી આ પાંચમાં બાળકાવ્ય સંગ્રહ માટે કાવ્યો પસંદ કર્યા છે.

લગભગ ૩૦૦ બાળકાવ્યો લખ્યા પછી બાળકોની રુચિ, એમના ગમા-અણગમા વગેરેની પાકી સમજ સાથે આ સંગ્રહ તૈયાર કર્યો છે.

આવાં કાવ્યો માટે ગેયતા, તાલ, લય વગેરેની અગત્યતા ધ્યાનમાં રાખી છે. કાવ્યોમાં વિષય વૈવિધ્ય પણ છે, હોવું જ જોઈએ. માતા, પિતા, ભાઈ, બહેન વગેરેની વાતો તો હોય જ, સાથે પશુ, પંખીઓ અને પુષ્પો પણ છે. ગુજરાતથી માંડ ભારત દેશ સુધીની વાત પણ છે. એકાદ બે પર્યાવરણલક્ષી કાવ્યો પણ છે. બાળકોને ઉખાણાં બહુ ગમતાં હોય છે, જેથી એનું પ્રમાણ કાંઈક અંશે વધુ રાખ્યું છે. બાળકો માટે ખાસ મુક્તકો (બાળમુક્તકો) લખ્યાં છે જેથી થોડામાં ઘણું કહેવાની કે સમજવાની એમની ક્ષમતા કેળવાય. ઝરણું, નદી, પર્વત, વર્ષાઋતુ,

ઉનાળો વગેરેની વાતો અહીં છે. રક્ષાબંધન અને દીપોત્સવીની વાતો તો બાળકોને બહુ જ ગમે. એ પણ અહીં છે.

ટૂંકમાં, એક નાના બાળકાવ્ય સંગ્રહમાં આપી શકાય એટલું વૈવિધ્ય રસભરી રીતે આપવાનો અહીં પ્રયત્ન કર્યો છે. આશા છે મારો શ્રમ સાર્થક ઠરશે. માત્ર બાળકોને જ નહિ, વડીલોને પણ આ કાવ્યો ગમશે એમ માનું છું.

મારી સાહિત્યિક પ્રવૃત્તિનાં પ્રેરણાસ્રોત સમાં મારાં ધર્મપત્ની સૌ. કલાબેનનો તો મને આ સંગ્રહ તૈયાર કરવામાં સતત પ્રોત્સાહક સાથ મળ્યો જ છે. એની અહીં નોંધ લઉં છું. પ્રેમાનંદ સાહિત્ય સભાના મારા ઘણા કવિ મિત્રો અને અન્ય સાહિત્યકારોનો પણ મારી સાહિત્યિક પ્રવૃત્તિમાં પરોક્ષ ફાળો ગણાય જ.

સૌનો આભાર.

આ બાળકાવ્ય સંગ્રહના પ્રકાશનનું શ્રેય એના પ્રકાશન માટે આર્થિક સહાય આપી પ્રોત્સાહન આપનાર (ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર)ના તંત્રવાહકોને છે. એ માટે હૃદયથી આભાર.


સી/૧૩, કસ્તુરી નગર, - ચંદ્રકાન્ત રાવ

માંજલપુર નાકા, લાલ બાગ રોડ,

વડોદરા - ૩૯૦ ૦૦૪.


## -: અનુક્રમણિકા :-


| નં. | કાવ્યનું નામ | પાન નંબર |
|---|---|---|
| ૧ | જાગો વ્હાલાં બાળક | ૧ |
| ૨ | મારે આંગણ | ૨ |
| ૩ | ચકલાં બાળકને ગમતાં | ૩ |
| ૪ | તો કહેજો | ૪ |
| ૫ | ઓળખી કાઢો (ઉખાણાં) | ૫ |
| ૬ | સેવા માત પિતાની કરજો | ૬ |
| ૭ | બાળપણની યાદો રૂડી | ૭ |
| ૮ | ગુજરાતી અમે ગુજરાતી | ૮ |
| ૯ | ઉનાળો વસમો | ૯ |
| ૧૦ | ઓળખવું બહુ સહેલું (ઉખાણાં) | ૧૦ |
| ૧૧ | અલગતાનાં બંધન તોડો | ૧૧ |
| ૧૨ | હેતભરી આ રાખડી બાંધું | ૧૨ |
| ૧૩ | દિન નવલા નવરાત્રિના | ૧૩ |
| ૧૪ | મેળે ઘૂમીએ | ૧૪ |
| ૧૫ | હાર બની ગળામાં શોભે (ઉખાણાં) | ૧૫ |
| ૧૬ | વડદાદા | ૧૬ |
| ૧૭ | ઓ છોરા (ડોશીમાનું ગીત) | ૧૭ |

| | | |
|---|---|---|
| ૧૮ | ગોકુળનો વહાલો ગોવાળો | ૧૮ |
| ૧૯ | તું હિમાલય ચડવાનો | ૧૯ |
| ૨૦ | ઘર ઘર પ્રગટશે દીવડા | ૨૦ |
| ૨૧ | ઘૂમી ઘેર પાછાં ફરો | ૨૧ |
| ૨૨ | વર્ષારાણી | ૨૨ |
| ૨૩ | ગણિત-ગમ્મત | ૨૩ |
| ૨૪ | તો કેવું? | ૨૪ |
| ૨૫ | પ્રસાદ લઈ પાવન થયાં | ૨૫ |
| ૨૬ | દોડધામ કરતો કરતો | ૨૬ |
| ૨૭ | માત પિતાની પડખે રહેજો | ૨૭ |
| ૨૮ | ઝરણાનું સંગીત ઝમઝમ | ૨૮ |
| ૨૯ | નામ કહો એનું કોક (ઉખાણાં) | ૨૯ |
| ૩૦ | દિવાળીના દિવસ રૂડા | ૩૧ |
| ૩૧ | વનની આવી મઝા માણો | ૩૨ |
| ૩૨ | વાવશે તેવું લણશે | ૩૩ |
| ૩૩ | મહેનત સદા દે ફળ | ૩૪ |
| ૩૪ | એક માતાનાં બે સંતાન | ૩૫ |
| ૩૫ | ગાય હોય જેને ઘેર | ૩૬ |
| ૩૬ | ‘મહાત્મા’ કહેવાયા મોહનદાસ | ૩૭ |
| ૩૭ | વડોદરા મલકે છે | ૩૮ |
| ૩૮ | દૂત પ્રભુનો બાળકને જાણો | ૩૯ |
| ૩૯ | પંખી પોપટ ફૂલ ને હું | ૪૦ |
| ૪૦ | ક્યારે ચૂકવીશ દેવું તારું | ૪૧ |
| ૪૧ | આગવું ગુજરાત છે આ | ૪૩ |
| ૪૨ | લાવો મારું બચપન પાછું | ૪૪ |
| ૪૩ | યુગે યુગે પ્રભુ પ્રગટે છે | ૪૫ |
| ૪૪ | નૂતન વર્ષનો આનંદ હૈયે | ૪૬ |
| ૪૫ | તીરે ઊભો તપે કોણ? | ૪૭ |
| ૪૬ | સમજે ના વાત આપણી | ૪૮ |
| ૪૭ | એમાં સૌનું ક્ષેમ (બાળ મુક્તકો) | ૪૯ |
| ૪૮ | રાસની રમઝટ જામી | ૫૦ |
| ૪૯ | નામ કહો એ નગરીનું (ઉખાણાં) | ૫૧ |
| ૫૦ | હવા રહે ના ઝેરી (પર્યાવરણીય બાલગીત) | ૫૨ |
| ૫૧ | દર્શનાભિલાષી | ૫૩ |
| ૫૨ | નંદ ઘેર આનંદભયો | ૫૪ |


**પ્રભુને મંદિર તારાના દીવડા, અજ્વાળે રાત અંધારી જી હો**

## ૧. જાગો વ્હાલાં બાળક

જાગો વ્હાલાં બાળક મારાં
પ્રભાત પ્રગટશે પૂરવમાં,
રંગબેરંગી આકાશ થશે ને,
પંખી ગાશે ઉપવનમાં.

ફૂલ ખીલશે બાગે સુંદર,
સુગંધ પ્રસરશે કણકણમાં,
પ્રકાશ પુંજમાં ધરતી ન્હાશે
ચેતન રેલાશે જનજનમાં.

નાહી ધોઈ ચોખ્ખાં થઈને
બેસો હરિના સમરણમાં,
પ્રણામ કરીને માત પિતાને
ધ્યાન પરોવો ભણતરમાં.

***

## ૨. મારે આંગણ

મારે આંગણ તુલસીનો છોડ,
મમ્મી રેડે એમાં પાણી,
બા કરતાં ઘીનો દીવો,
ભાભી નમે ઘૂમટો તાણી.

મારે ચોકે છે ગૌરી ગાય,
દાદાજી નીરે એનો ઘાસ,
શાંતાકાકી શેડ કાઢે,
દહીં વધે તો કરતાં છાસ.

મારા ઘરની સામે લીમડો,
શીળી લાગે એની છાયા,
પંખી તે પર કલરવ કરતાં,
અદ્‌ભુત લાગે ઈશ્વરની માયા!



***

## ૩. ચકલાં બાળકને ગમતાં

ચકલી નાનું ચંચળ પંખી
ઊડે ચક્ ચક્ કરતું,
ફોટા પાછળ માળો બાંધી
ઘરનો એ ગંદુ કરતું.

આંગણ ચણતું દાણા નાના,
માળે આવી બચ્ચાંનો દે,
ચકલો એની સાથે રહીનો
ચણ લાવી બચ્ચાં ધરવે.

ચોકે લીમડા ઉપર બોસી
સાંજે કચ કચ કરતાં,
નીચે થોડું ફર્રર ઊડતાં
ચકલાં બાળકનો ગમતાં.



✵ ✵ ✵







## ૪. તો કહેજો

ગગનના તારા ગજવે મારા
ઘાલું ના તો કહેજો,
ચાંદામામા પાસે જઈ 'હલ્લો'
કહું ના તો કહેજો.
બાળક ભલે નાનો છું હું
પણ અવકાશ ખૂંદીશ આખું,
ત્યાં જઈને અધ્ધર ચક્કર
મારું ના તો કહેજો.
સૂરજદાદાને દૂર રહીને
'બાય...બાય...' કહીશ,
આકાશી ગ્રહોને મારા
મિત્ર કરું ના તો કહેજો.

✵ ✵ ✵

## ૫. ઓળખી કાઢો

(ઉખાણાં)

(૧)



દૂધ એનું ગુણકારી,
કાનાને વ્હાલું એનું નામ,
ઓળખી કાઢો એ પ્રાણીને
જેને પૂજે લોક તમામ.

(૨)



ટહુકા એના સૌને પ્યારા,
વાદળ દેખી એ હરખાય,
કલગી એના શિર પર શોભે,
કયું પંખી એ કહેવાય?

(૩)

વસંત ઋતુમાં બોલતી
આંબે જ્યારે આવે મોર,
કાળી તોયે સૌને ગમતી,
કૂ..ઉ કૂ...ઉ કરતી શોર.



✵ ✵ ✵

જવાબ : (૧) ગાય (૨) મોર (૩) કોયલ





## ૬. સેવા માત પિતાની કરજો

ભણવા ગણવાનો છે સમય તમારો,
ભણજો બાળક ભણજો,
અવસર રૂડો ભાવિ ઘડવાનો,
ઉપયોગ સારો કરજો.

હરજો ફરજો કુદરતનો ખોળે,
પર્વત ઊંચા ચડજો,
સુંદર નદી ખેતરનો માણી
આનંદ મંગલ કરજો.

ચિંતા કશી ના આજ તમારે,
ખાઈ પીને ભણવું રમવું,
મજબૂત પાયો ભાવિનો ચણજો,
સાવધ રહી ડગ ભરજો.
વિદ્વાન, શાણા, વિનયી થઈને
સમાજનો સાચવજો,
સંસ્કારસમૃધ્ધ થઈનો બાળક
સેવા માત પિતાની કરજો.

✵ ✵ ✵

## ૭. બાળપણની યાદો રૂડી

ધિંગામસ્તી ધમપછાડ,
ધમ્માચકડી મારંમાર,
એક રડે તો બીજું ખુશ,
તોય જાણે લવ ને કુશ!

ઘરમાં વેરણછેરણ કરે,
ધમાલ સતત કરતાં રહે,
પપ્પા મમ્મી કંટાળી જાય,
બા દાદા તો ના ખિજાય.

લડતાં ઝગડતાં સંપી જાય,
એમ બાળક મોટાં થાય,
બાળપણની યાદો રૂડી,
જીવનભરની મોંઘી મૂડી.

❋ ❋ ❋

## ૮. ગુજરાતી અમે ગુજરાતી

જન્મ્યા અમે ગુજરાતમાં
ગુજરાતી અમે ગુજરાતી,
શ્વાસ લીધા ગુજરાતમાં
સ્વસ્થ અમે ગુજરાતી,
ભણ્યા ગણ્યા ગુજરાતમાં
સારસ્વત ગુજરાતી,
તાપી રેવા મહી સાબરના
પાવનપુત્ર ગુજરાતી,
ગાંધી વલ્લભની પુણ્યભૂમિના
સપૂત અમે ગુજરાતી,
રામ કૃષ્ણે પગલાં પાડ્યાં
ધન્ય ધરા ગુજરાતી.

❋ ❋ ❋


નંદ ઘેર આનંદ ભયો

## ૯. ઉનાળો વસમો

ઉનાળો વસમો ધોમ ધખતો,
બહુ આકરો તાપ પડતો,
આકુળ વ્યાકુળ લોક બિચારા,
જ્યાં ત્યાં શોધે શીળી છાયા.

મુસાફર બેસે ઝાડ-છાંયે,
પરબ હોય તો પાણી પીવે,
રેબઝેબ પરસેવે કરતો,
સૌને ઉનાળો ખૂબ કઠતો.

પંખી ગુપચુપ છાંયો ઢુંઢે,
લપાઈને ઝાડીમાં સૂવે,
કોયલ ટહૂકે આંબા-ડાળે,
મીઠી કેરી ઉનાળો આપે.

✵ ✵ ✵





## ૧૦. ઓળખવું બહુ સહેલું

(ઉખાણાં)



પ્રકાશનો સાગર લઈ આવે,
પૂર્વ દીશામાં રંગ રેલાવે,
દિવસભર ગરમી દે ભારે,
એના વિના ભમો અંધારે.

(૨)

દિન પ્રતિદિન ઊગે મોડો,
સદા રહે એ વધતો ઘટતો,
પૂર્ણ ખીલે તો ઘેલા લોક,
કદી થાય એ આખો અલોપ.



(૩)

દમયંતીના એ પતિ નથી,
નામ ભલેને એવું,
એક દિવસ ના એ આવે,
તો ગામ આખું થાય ઘેલું.

✵ ✵ ✵

જવાબ : (૧) સૂરજ (૨) ચંદ્ર (૩) રાજા નળ

## ૧૧. અલગતાનાં બંધન તોડો

હું હિંદુ તું મુસ્લિમ ખ્રિસ્તી,
વાતો સઘળી છે એ જૂઠી,
દેશ બાંધવ સૌ એક સમાન,
સૌને સરખું દઈએ માન.

ઈશ્વર અલ્લા યા ગોડ કહો,
તત્ત્વ એક છે, ના ભેદ કશો,
સૌનાં સર્જનહારા છે એક
આપણે દીધાં નામ અનેક.

ધર્મી વિધર્મી ભેદ છોડો,
અલગતાનાં બંધન તોડો,
સંપથી દેશની વધારીએ શાન.
માને ઘેર સૌ એક સમાન.

❋ ❋ ❋





## ૧૨. હેતભરી આ રાખડી બાંધું

હેતભરી આ રાખડી બાંધું
વીરા તારે હાથ,
અગણિત આશિષ સાથે એની
તુજ બેનીનું વ્હાલ.
સરસ્વતી સુત વીરો મારો
લક્ષ્મીનંદન લાલ,
ઈન્દ્ર સરખો હો વૈભવ તારો,
તું યશોદા-લાલ.
કાચા સૂતર-તાંતણે ભર્યો છે
બેનીનો અઢળક પ્યાર,
સદા દિવાળી ભાઈના ઘરમાં
ભાભી ગુણવંતી નાર.

❋ ❋ ❋

## ૧૩. દિન નવલા નવરાત્રિના

દિન નવલા નવરાત્રિના
ગરબો ઘૂમ્યાં બહુચર અંબા,
આશિષ વર્ષ્યા હેતભર્યા
ભકતજનો સૌ ધન્ય થયાં.
રાત રૂડી શરદ પૂનમની
અમૃત વરસ્યાં ધરતી પર,
દરિયા મધે મોતી પાકયાં,
ખેતર બન્યાં ધાન્ય સભર.
દિવસ ઊજળા દિવાળીના,
ઘર ઘર ઝગમગ દીવા થાય,
મીઠાઈ બની મઘમઘતી મીઠી,
આબાલવૃધ્ધ હૈયાં હરખાય.
ચોખ્ખા ચોકે દીપે રંગોળી,
હરખઘેલાં નર ને નાર,
હર્યા ભર્યા આવાસ હો સઘળા
શાંતિ સમૃધ્ધિ હજો સંસાર.

❋❋❋





## ૧૪. મેળે ઘૂમીએ

ઘેરથી ઝટપટ નીકળી વહેલાં,
મેળે જઈએ આનંદઘેલાં,
ભાતભાતના લોકો મળતા,
ખેલ ખરીદી ચકડોળ જાદુ,
આખો દી ઘૂમ્યા જ કરતાં.
સાંજે સૌ છૂટાં પડીનો
પોતપોતાનો રસ્તો પડીએ,
આનંદઘેલાં મેળે ઘૂમીએ.

દુનિયાનાં મેળામાં મળવું,
ચાર દિનનું છે ચાંદરણું,
ગર્વ તજીનો તોથી સઘળો
પ્રેમે સૌનો હળજો મળજો,
સાથ પરસ્પર લઈએ દઈએ,
મળીએ સૌ અણધારી રીતે,
દિન ઢળતાં સૌ ઘેર જઈએ
આનંદઘેલાં મેળે ઘૂમીએ.

❋❋❋

## ૧૫. હાર બની ગળામાં શોભે

ઉખાણાં

(૧)



ઉંદરને એ મારી ખાય,
ખૂણે ખાંચરે લપાઈ જાય,
દૂધ જોઈને ઘેલી થાય,
ઘાટ પડે તો પી પણ જાય.

(૨)



'હૂપ હૂપ' કરતો કૂદે એ
એક ડાળથી બીજી ડાળ,
હનુમાનજીનો ચેલો સાચો,
વિશ્વાસ એનો કરશો ના બાળ.

(૩)



બાગ શોભે એના વડે,
ભમરા ગુંજતા ચોપાસે,
હાર બની ગળામાં શોભે,
દેવ શિરે પણ જઈ બેસે.

✵ ✵ ✵

જવાબ : (૧) બિલાડી (૨) વાંદરો (૩) ફૂલ





## ૧૬. વડદાદા

ભાગોળે ઊભા વડદાદા
ચારે બાજુ જોતા,
વડ નીચે પરબ છે ત્યાં
મુસાફર પાણી પીતાં.

ઉનાળામાં વડદાદા
છાયા શીતળ દેતા,
શિયાળે ચોમાસે દાદા
નવાં કલેવર ધરતા.

વટસાવિત્રી વ્રત આવે,
પૂજા બેનો કરતી,
વડદાદાની આશિષ પામી
સુખે પાછી ફરતી.

ગામ ભાગોળે શોભે દાદા
રક્ષા કરતા સૌની,
ભોળાં ગ્રામજનોની સાથે
પ્રીત ભવોભવની!

✵ ✵ ✵

## ૧૭. ઓ છોરા...

(ડોશીમાનું ગીત)
આગળ વધ, પાછો હટ,
ઓ છોરા...
દોડ તું સીધો સટ.

દૂધ પીજે, માખણ ખા.
ઓ છોરા...
ગાયો લઈ જંગલ જા.

ભોળો તું, વિશ્વાસુ છે,
ઓ છોરા...
દુનિયા કડવું પતાસું છે!

જાળવજે તું, સાચવજે ખૂબ,
ઓ છોરા...
સૌનું સાંભળજે, રહેજે ચૂપ.

❋❋❋





## ૧૮. ગોકુળનો વહાલો ગોવાળો

મોહન તારી માયા મોટી,
મોરલી મધુર બજાવે છે,
ઘેલી ગોપી આવે દોડી,
થૈ થૈ નાચ નચાવે છે.



ચોરે માખણ નિત ગોપીનાં,
તોય તને બહુ ચાહે છે,
ગોરસ વહેંચે ગોવાળોને
આનંદ ઉર વહાવે છે.

ગોકુળનો વહાલો ગોવાળો,
જંગલ ગાય ચરાવે છે,
જશોદા-છૈયો યમુના તટ પર
અદ્‌ભુત રાસ રચાવે છે!

❋❋❋



# ૧૯. તું હિમાલય ચઢવાનો

આશા એવી રાખજે બોટા,
તું બહુ મહાન થવાનો;
જ્યાં ઊભો છું ત્યાંથી હજી
આગળ ઘણો જવાનો.
પગલે પગલે આગળ વધજે,
ડગલે ડગલે નડશે અવરોધો,
મુસીબતોનો પાર કરી તું
મંજિલનો સર કરવાનો.
તકલીફોથી ના ગભરાતો,
એ તો આવે ને જાય,
હિંમત રાખી ખંતે વધજે,
તું હિમાલય ચડવાનો.

✵✵✵





# ૨૦. ઘર ઘર પ્રગટશે દીવડા

દરેક દિન દિવાળીના,
નૂતન વર્ષ હો નિત,
આનંદ ઉત્સવ ઘેરે ઘેર
સૌનો હૈયે હો પ્રીત.
શાંતિ સંપ નો પ્રેમથી
સાથે રહીએ જો સહુ,
ઘર ઘર પ્રગટશે દીવડા,
સમૃધ્ધ થઈશું બહુ.
ભણી ગણીનો બાળ સૌનાં
વિદ્વાન બનશે સારા,
નોકરી ધંધે વિકાસ કરશે,
કદી ન પડશે પાછા.
દેશ વિદેશે નામ કમાશે,
વધારશે ભારતની શાન,
ધર્મ વિજ્ઞાન રાજશાસ્ત્રે
માતૃભૂમિનું વધશે માન.

✵✵✵

## ૨૧. ઘૂમી ઘેર પાછાં ફરો

શાંતિ રાખો વ્હાલાં બાળ,
શોરબકોર ના કરો,
સુંદર રૂડી સરવર પાળે
ઘૂમી ઘેર પાછાં ફરો.

હંસ તરતાં સરવરમાં
કેવાં સુંદર લાગે,
કમળ ખીલ્યાં એ જળમાં,
જાણે ફૂલડાં બાગે!

જાતજાતનાં પંખી આવે
અહીંયાં રમત કરવા,
યૌવનઘેલી પનિહારીઓ
આવે પાણી ભરવા.

ડૂબકી દેતી માછલીઓ,
દેડકાં કૂદાકૂદ કરતાં,
વૃક્ષો શોભે એને તીર,
બગલાં સરવર જલમાં,

❋ ❋ ❋





## ૨૨. વર્ષારાણી

વર્ષારાણી ઝરમર ઝરમર,
તરુવર ગાતાં મરમર મરમર.
તાપથી રાહત પામ્યા લોક,
કિસાને હળ લીધું નિજ કર.. વર્ષારાણી.

વૃક્ષો નાહીનો ચોખ્ખાં ચટ,
સૂકી ધરતી થઈ લીલી ઝટ,
પશુપંખી છે ખુશખુશાલ,
સૂતાં જાગ્યાં સીમ ખેતર.. વર્ષારાણી.

તરસ્યાં ચાતક પ્યાસ છિપાવે,
મેઘાડંબર ગર્જન ભારે,
ગગન થતા વીજ ચમકાર,
નદી કૂવા છલક્યાં સર.. વર્ષારાણી.

❋ ❋ ❋

## ૨૩. ગણિત-ગમ્મત

વ્હાલાં મારાં બાળક આવો
રમત રમીએ ન્યારી,
હું દાદા છું, તમે છોકરાં
જોડી જામશે સારી.
એકડ એકો હું લખીશ ને
'કર્મન' લખશે બગડો,
'તરુ' લખે ત્રગડ ત્રણ ને
'ચંદુ' લખે ચોગડો.

પછી કરશું સરવાળો ચારેયનો
ગણી બરાબર કહેજો,
'દશ' આવશે જવાબ સાચો,
રોજ ગણતા રહેજો.
પછી એક એક આંકડો ભૂસી
બાદબાકી પણ કરશું,
એમ ગણિતની ગમ્મત રમીને
બે ઘડી આનંદ કરશું.

✵ ✵ ✵





## ૨૪. તો કેવું ?

પંખીને જોઈ મને થાય બા એવું
કે હુંય ઊંડું આકાશે તો કેવું?

આંબાને જોઈ દાદા થાય મને એવું
કે હુંય મીઠાં ફળ આપું તો કેવું?

મોગરાને જોઈ મને થાય મમ્મી એવું
કે હુંય સુગંધિત ફૂલ દઉં તો કેવું?

પવન વાય ત્યારે થાય પપ્પા એવું
કે હુંય નિત દોડતો રહું તો કેવું?

ચાંદાને જોઈ પ્રભુ થાય મને એવું
કે હુંય અંધારે અજવાળું કરું તો કેવું?

સૂરજને જોઈ મને થાય મનમાં એવું
કે હુંય સૌને ઊંઘથી જગાડું તો કેવું?

✵ ✵ ✵



## ૨૫. પ્રસાદ લઈ પાવન થયાં

દાદા બોલ્યા : "ચાલો બાળક
સૌએ સાથે મંદિર જઈએ,
પ્યારા પ્રભુનાં દર્શન કરીને
શાંતિ માટે સત્સંગ કરીએ.
જીવન સૌનું આરોગ્યમય હો,
મનની શાંતિ આપે,
સુખી કરે સૌનો પ્રભુજી,
જગમાં આનંદ વ્યાપે."
ખુશ થઈ બાળક ફળિયાનાં
દાદા સાથે ચાલ્યાં,
આરતી વેળા મંદિર પહોંચ્યાં,
પ્રભુનો પાયે લાગ્યાં.
પ્રસાદ લઈ પાવન થયાં,
આનંદ અઢળક અંતરમાં,
દર્શન કરવા નિત જવાનો
સંકલ્પ કીધો મનમાં.

❋❋❋





## ૨૬. દોડધામ કરતો કરતો

દોડધામ કરતો કરતો
કદી પડી હું જાઉં છું,
થોડું વાગે તોયે પાછો
રમવા લાગી જાઉં છું.
બોન હોય સાથે મારી
તો ખુશ બહુ હું થાઉં છું,
પકડમ્ પકડી રમતી વેળા
આનંદઘેલો થાઉં છું.

મમ્મીની નજરથી છટકી
કદી દૂર જો જાઉં છું,
બૂમ મારે પપ્પા ત્યારે
ઝટ હાજર થાઉં છું.
બાળપણમાં તોફાન મસ્તી
કરીનો હળવો થાઉં છું,
કદીક ઊંઘમાં પરીઓના દેશ
એકલો પહોંચી જાઉં છું!

❋❋❋

## ૨૭. માતા પિતાની પડખે રહેજો

ઝરણા જેમ વહેતાં રહેજો,
મીઠાં ગીત ગાતાં રહેજો,
નિર્મલ નદી સમ વ્હાલાં બાળક,
પરોપકારે પોખાતાં રહેજો.

વૃક્ષ જેમ ફળજો ફૂલજો,
ભરબપોરે છાયા દેજો,
થાકયાંનો વિસામો થઈને
પરબ-પાણી પાતાં રહેજો.

સૂરજ જેમ અંધકાર ભગાડી
ચાંદા જેમ અજવાળું દેજો,
ભગવાનનો ભાવે ભજીનો
માતાપિતાની પડખે રહેજો.

❋❋❋





## ૨૮. ઝરણાનું સંગીત ઝમઝમ

ચોમાસામાં વાદળ થાય,
ગગન ઘેરાં ગર્જન થાય,
વીજળીનો તો ચમચમાટ,
મેઘ આવ્યા પૃથ્વી-પાટ.

તરસી ધરતી પામી શાતા,
મોર મેઢક ગીત ગાતા,
ખેડૂ આળસ મરડી જાગ્યા,
ખેતર જઈને કામે લાગ્યા.

હોંશે ઓર્યા ખેતરમાં દાણા,
કણના મણ દેશે ધરતીમા,
નદી નાળાં છલકાઈ ગયાં,
પંખી હૈયાં હરખાઈ ગયાં,
ધરા બની ગઈ લીલીછમ,
ઝરણાનું સંગીત ઝમઝમ.

❋❋❋

## ૨૯. નામ કહો એનું કોક

(ઉખાણાં)

(૧)

મૉરની મીઠી સોડમ ફોરે,
કોયલ કરતી ટહુકા,
ફળ એનાં મધથી મીઠાં,
હોંશે સૌએ ચૂસતા.
બે અક્ષરનું નામ એનું,
પાન એનાં પવિત્ર,
કહો જોઈએ વૃક્ષ કયું એ
છે જે સૌનું મિત્ર.

(૨)

પગના તળિયે ગાદી એને,
લાંબી ઊંચી એની ડોક,
પીઠે ઢેકો, દોડે રણમાં,
નામ કહો એનું કોક.







(૩)

દબડક દબડક દોડતો,
સવારને બહુ સાચવતો,
ઈતિહાસ-પ્રસિધ્ધ એનું કામ,
કહો એ પ્રાણીનું નામ.



✵ ✵ ✵

જવાબ : (૧) આંબો (૨) ઊંટ (૩) ઘોડો

# ૩૦. દિવાળીના દિવસ રૂડા

દિવાળીના દિવસ રૂડા
આનંદ કરવા કાજે,
ખાવ પીવો ખેલો બાળક
અભિનંદન હો આજે.

રાતે ફોડજો ફટાકડા સૌ,
સાચવજો ના દાઝો,
મીઠાઈ ખાઈને ખુશ રહેજો,
મંદિર દર્શન જાજો.

નવાં સારાં વસ્ત્રો પહેરી
સૌને હોંશથી મળજો,
વડીલોને વંદન કરીને
રૂડા આશિષ લેજો.

✵✵✵





# ૩૧. વનની આવી મઝા માણો

સિંહ તો જંગલનો રાજા,
લાંબી એની કેશવાળી,
હાથી મહાકાય સૂંઢાળો,
વાઘ ચિત્તો હિંસક પ્રાણી.



હરણ સુંદર નિર્દોષ ભોળું,
ઠેકતું ઠેકતું દોડે કેવું!
શિયાળ લુચ્ચું ચાલાક ઘણું,
છેતરાય કદી ના એવું શાણું.

સૌથી નાનું સસલું બિચારું,
રૂની ધબકતી ઢગલી જાણો,
ચટાપટા ઝિબ્રાના ડિલ પર,
વનની આવી મઝા માણો.



✵✵✵



## ૩૨. વાવશે તેવું લણશે

પરોપકારે સૂરજ ચાંદો
તેજ દેતા દિવસ રાત,
પરોપકારે ફળતાં વૃક્ષો,
નદી વહેતી સેવા માટ.

રામે માર્યા રાક્ષસ ઘણા
સજ્જનોના સુખ કાજે,
કૃષ્ણ સ્વયમ્ જેલે જન્મ્યા
સતનો સાથ દેવા માટે.

સત્કર્મે જાણો વહાલાં બાળ
સુખ શાંતિ બહુ મળશે,
કુદરતનો છે કાનૂન એવો
વાવશે તેવું લણશે.

✵ ✵ ✵





## ૩૩. મહેનત સદા દે ફળ

(બાલ મુક્તકો)

(૧)



છોડ ઊગે બાગમાં,
માળી સિંચે જલ,
ઋતુ આવે ફૂલ ખીલતાં
મહેનત સદા દે ફળ.

(૨)



વસંતે કોયલ બોલતી,
કૂ...ઉના ટહુકાર કરે,
મેઘ ચઢે ગગન ત્યારે
મોર નાચે ગાન કરે.

(૩)



કાદવમાં જન્મે કમળ,
તો યે એ પાણી ઉપર,
ગંદકીથી જીવનમાં સદા
રહેવું સાવ અલગ.

✵ ✵ ✵

# ૩૪. એક માતાનાં બે સંતાન

મોહન નામે ગાંધી એક,
કાઠિયાવાડી બાપુ છેક,
વિલાયત જઈને વકીલ થયા,
વકીલાત કરવા વિદેશ ગયા.

પછી આવ્યા ભારત દેશ,
અંગ્રેજોનો ગુલામ સ્વદેશ,
‘સત્ય અહિંસા’ રાખી ટેક,
આઝાદી માટે થયા સૌ એક.

અંતે દેશ આઝાદ થયો,
ગાંધીનો જય જયકાર થયો,
એક માતાનાં બે સંતાન,
બન્યા ભારત પાકિસ્તાન!



❋❋❋





# ૩૫. ગાય હોય જેને ઘેર

કૃષ્ણને બહુ પ્યારી ગાય,
ચારવા નિત જંગલ જાય,
ગાયો ચારી સાંજે આવે,
ગોપીઓનો રાસ રમાડે.

ગાય દૂધની દાતા છે,
એ આપણી માતા છે.
ગાયને જો વાછરડો થાય,
મોટો થઈ એ બળદ થાય,
બળદ છે ખેતીમાં ઉપયોગી,
ખેડૂતોનો વ્હાલો એ સાથી.

વાછરડી જો આપે ગાય,
મોટી થઈ એ ગાય થાય.
એના છાણનું ખાતર થાય,
એથી ખેતી આબાદ થાય.
ગાય હોય જેનો ઘેર,
તોનો સદાય લીલાલહેર.

❋❋❋

## ૩૬. 'મહાત્મા' કહેવાયા મોહનદાસ

મોહન નામે બાળક એક,
સાવ શરમાળ બીકણ છેક,
રામ નામમાં બહુ વિશ્વાસ,
મુશ્કેલીમાં કરતો યાદ.

ભણીગણીને મોટો થયો,
બેરિસ્ટર બનવા વિલાયત ગયો,
માતા પાસે લીધી ટેક,
દારૂ માંસનો કર્યો નિષેધ.

વકીલ બની આફ્રિકા ગયા,
રંગભેદના અપમાન સહ્યાં,
'સત્યાગ્રહ'નાં થયાં મંડાણ,
ઊગતો લાગ્યો આઝાદી-ભાણ.

ખૂબ લડ્યા વિદેશી સાથ,
કરવા ભારત માતા આઝાદ,
અંતે રાષ્ટ્ર મુક્ત થયું,
ગાંધી બાપુનું તપ ફળ્યું.
'મહાત્મા' કહેવાયા મોહનદાસ,
જગત ઝૂક્યું રાષ્ટ્રપિતાની પાસ.

❋ ❋ ❋





## ૩૭. વડોદરા મલકે છે

મને વ્હાલું મારું ગામ, પ્યારથી પ્યારું છે,
એનું વડોદરા છે નામ, જગમાં ન્યારું છે.

લક્ષ્મીવિલાસ રાજમહેલ, ટાવર ઊંચાં છે,
કોલેજ ઘુંમટ વિશાળ, મકાન નીચાં છે.

જૂના દરવાજા ચાર, શહેરની શોભા છે,
ન્યાયમંદિરનો દ્વાર, ન્યાય અનોખા છે.

શાકમાર્કેટ છે અજોડ, ખંડેરાવ નામે છે,
તાજાં ફળ, ફૂલ, શાક, લોકો પામે છે.

સુરસાગર નામે તળાવ, શહેરની વચ્ચે છે,
મોટાં મ્યુઝિયમ બાગે, વડોદરા મલકે છે.

❋ ❋ ❋

## ૩૮. દૂત પ્રભુનો બાળક જાણો

હાહા હીહી બાળક કરે,
માતાનું એ ચિતડું હરે,
ઘડી હસો ને ઘડી રડે,
ઘેલી ઘેલી માત ફરે.

ઘૂંટણિયાં તાણી ફર્યા કરે,
ઊભો થઈને પડ્યા કરે,
ખુશીથી એ કલબલ કરે,
ભૂખ્યો થાય તો બાળક રડે.

ચીસાચીસ ને પગપછાડ,
સૌને કરતો ખુશખુશાલ,
દૂત પ્રભુનો બાળકને જાણો,
એને રમાડી આનંદ માણો.



✵✵✵

## ૩૯. પંખી પોપટ ફૂલ ને હું

બાગે મારા ફૂલડાં નાનાં,
ફૂલડાં ફોરે કેવાં મજાનાં,
જાઈ જૂઈ ચંપો ચમેલી,
ગુલાબ મોગરે સુગંધ ખજાના.

પંખી આવે બાગે રોજ,
ઊડે અહીં તહીં કરતાં મોજ,
નિર્દોષ કેવાં ભોળાં પંખી,
જાણે બાળકનાં એ સંગી!



પોપટ આવે રંગબેરંગી,
ફૂલ સાથે એને બહુ પ્રીતિ,
પંખી પોપટ ફૂલ ને હું,
જાણે બાગના દોસ્તો સહુ.

✵✵✵

## ૪૦. ક્યારે ચૂકવીશ દેવું તારું?

તારી સોડે શ્વાસ લીધા મેં,
પથારી તારી પલાળી બા,
તેં તો શેરીએ રમતો કીધો,
પડતાં ઊંચકી લીધો બા.

આંસુ મારી આંખનાં લોહ્યાં,
ગાલે ચુંબન લીધાં બા,
નિશાળે જાતાં હાથ ઝાલ્યો,
વળતાં સંગાથ કીધા બા.

'ભણીગણીનો સાહેબ થાજે'
આશિષ એવા દીધા બા.
કયારે ચૂકવીશ દેવું તારું,
નાનો છું હું બાળક બા.





કાલીઘેલી વાણી સાંભળી
થઈ ગઈ પ્રેમઘેલી બા,
છાતી સરસો બાળક ચાંપી,
હર્ષાશ્રુ લૂંછતી બોલી બા:

'ખોળો મારો ખૂંદતો રહેજે
એથી અધિક ન માગું ભા.'
'જનમોજનમ અવતાર હું
તારા પેટે યાચું બા.'

✵✵✵



## ૪૧. આગવું ગુજરાત છે આ

આગવું ગુજરાત છે આ,
ભાત એની નોખી;

માનો તો સૌની આ ભૂમિ,
નરસૈયાએ પોખી.

નાતજાતના ભેદ કશા ના,
ઊજળી એની ભાત,

સૌથી ન્યારું, સૌનો પ્યારું,
આગવું આ ગુજરાત.

❋❋❋





## ૪૨. લાવો મારું બચપન પાછું

લાવો મારું બચપન પાછું,
બદલામાં જે માગો તે આપું.

બાળપણમાં પહેલા વરસાદે,
આનંદ ઘેલા પાગલ હૈયે,
નાગાપૂંગા નહાતા નેવે,
દોડીએ કદી ઊભા ફળિયે.

નેવાં નીચે હું ધીમો ચાલું,
વરસતા વરસાદે હોંશે મહાલું,
'આવ રે વરસાદ' મોટેથી ગાઉં,
લાવો એવું બચપન મારું.

ભર ઉનાળે, ખરે બપોરે,
દોસ્તો બધા ભેગા થઈએ,
આંબાડાળે ઝૂલીએ હોંશે,
કોયલ ટહૂકે, મોર સુગંધે,

મીઠા વાસંતી વાયુ ઘેને,
ઘૂમવું લાગતું કેવું વહાલું!
હવે ના સપને જે ભાળું,
લાવો એવું બચપન મારું.

## ૪૩. યુગે યુગે પ્રભુ પ્રકટે છે

રામે માર્યા રાક્ષસ ઘણા
સાધુઓના સુખ કાજે,
જાતે સહ્યાં દુ:ખ વનનાં
ઋષિઓના યજ્ઞ માટે.

કૃષ્ણ પોતે જેલે જન્મ્યા
સતનો સાથ દેવા કાજે,
કંસ જેવા દુષ્ટો માર્યા
સજ્જનોની રક્ષા માટે.

યુગે યુગે પ્રભુ પ્રગટે છે
અનિષ્ટો સંહારવા કાજે,
માનવરૂપે કષ્ટ સહે છે
ઈષ્ટનો જીવાડવા માટે.

❊ ❊ ❊





## ૪૪. નૂતન વર્ષનો આનંદ હૈયે

અમાસનો અંધકાર છે,
તોય ના શૂનકાર છે,
દીપ જલે છે ગોખલે,
આજે તો ત્યૌહાર છે.

પ્રગટ્યાં ઘર ઘર કોડિયાં,
પ્રકાશનો વિસ્તાર છે,
દૂર ભાગ્યો એથી જ તો
અમાસનો અંધકાર છે!

આંગણ સજાવી રંગોળી રૂડી,
પ્રકાશ મહિમા અપાર છે,
નૂતન વર્ષનો આનંદ હૈયે,
ના અમાસનો અંધકાર છે.

❊ ❊ ❊

## ૪૫. તીરે ઊભો તપે કોણ?

(ઉખાણાં)

(૧)

અગ્નિ નીચે જલ ભર્યું,
ગુડ ગુડ ગુડ ગુડ ગાય,
મરદ મુછાળા કસ ખેંચે
તો ધૂમ્રના ગોટા થાય.



(૨)

તીરે ઊભો તપ કરે,
માછલી પકડે ઝટ,
એક પગે ઊભો રહે,
ભગત સફેદ ઠગ.

(૩)

હવામાં એ ઊડે ભલે,
પણ ધરતી પર છે પગ,
પાંચ ટીપાં પાણી પડે,
તો પૃથ્વી પર દે ડગ.

જવાબ : (૧) હૂકો (૨) બગલો (૩) પતંગ





## ૪૬. સમજે ના વાત આપણી

કૂદાકૂદ કરું હું,
ફરું ફેર ફુદરડી,
દોડાદોડ ઘણી કરું,
પછી બેસતો બે ઘડી.

કોઈ કહે તોફાની છું,
મારા મનથી હું રમું,
કાંઈ વાંચે તેથી શું?
હુંય રમવાનું કામ કરું.

સમજે ના વાત આપણી,
ને મોટા થઈને એ ફરે,
નિર્દોષ રમત હોય ઘણી,
તોય વાંધાવચકા કરે!

✵ ✵ ✵



## ૪૭. એમાં સૌનું ક્ષેમ

### (બાળ મુક્તકો)

(૧)

નાનું સરખું કોડિયું, ઓરડાને અજવાળે છે,
પરોપકાર કરનાર પોતે, જાતને જલાવે છે.

(૨)

મોટાનો આદર કરો, રાખો નાના પર પ્રેમ,
પરાયું માનો ન કોઈને, એમાં સૌનું ક્ષેમ.

(૩)

હસવું રડવું પડવું ઊઠવું, બાળપણની છે રીત,
નિર્દોષ બાળક રાખતાં સૌની ઉપર પ્રીત.

(૪)

ભણવા જવું નિશાળમાં, રમવું મેદાને રોજ,
મન તન દુરસ્ત રહે તો જીવનભરની મોજ.

❋ ❋ ❋





## ૪૮. રાસની રમઝટ જામી!

ગોપી ગોકુળ ગામની
કનૈયાનો વહાલી,
માથે મૂકી મટુકી એ
ગોરસ વેચવા ચાલી.

કાનો મળ્યો મારગમાં
ગોપી ઝટપટ ભાગી,
મન હરવા એનું ત્યારે
મધુર મોરલી વાગી!

સૂધબૂધ ભૂલી ઘેલી ગોપીએ
મટુકી મૂકી ક્ષણમાં,
ગોકુળનાં ગોપ ગોવાલણ
ભેગાં થયાં પળમાં!

મોરલી નાદે થૈ થૈ નાચ્યાં,
રાસની રમઝટ જામી,
આનંદ હિલોળે સૌએ ઝૂલ્યાં
વૈકુંઠનું સુખ પામી.

❋ ❋ ❋

## ૪૯. નામ કહો એ નગરીનું

(ઉખાણાં)

(૧)

ઈતિહાસ-પ્રસિધ્ધ એ શહેરે
ચડતી પડતી જોઈ ઘણી,
બાદશાહે વસાવી જે
બાપુની છે કર્મભૂમિ.

(૨)

વિશ્વામિત્રી નદી તીરે
વિદ્યાનું એ ધામ છે,
સંસ્કારનગરી પ્રેમાનંદની
એ શહેરનું શું નામ છે?

(૩)

તાપી તીરે વાસ એનો,
રેશમ હીરે શોભતી,
વીર નર્મદની નગરી એ
'યા હોમ' વાણી બોલતી.

❋ ❋ ❋

જવાબ : (૧) અમદાવાદ (૨) વડોદરા (૩) સુરત





## ૫૦. હવા રહે ના ઝેરી

(પર્યાવરણીય બાલગીત)

છોડ ઉપર ફૂલ ખીલે
રંગીન સુંદર નાનાં,
સુગંધ એની સઘળે પ્રસરે,
પતંગ બને દીવાના!

મધમાખી ફૂલ પર બેસે,
રસ ચૂસવા મીઠો,
મધપૂડામાં ભેગો કરતી
મધનો સ્વાદ અનૂઠો!

વૃક્ષ ઉપર ફળ બહુ આવે,
કેળાં ચીકુ ને કેરી,
બળ બુધ્ધિ ધન એ આપે,
હવા રહે ના ઝેરી!

❋ ❋ ❋

# ૫૧. દર્શનાભિલાષી

પ્યારા પ્રભુ તુજ આંગણ આવ્યો બાલ હું દર્શન કરવા,
અહા, પણ નિરાશ અતિ છું ભેટ નથી કાંઈ ધરવા,
રાંક અતિ બાલ હું,
ભેટ તુજને શું ધરું?
મુજ પાસ નથી કાંઈ ધનના ઢગલા તુજને અર્પણ કરવા,
પુષ્પ તણી એક પાંખડી પકડી આવ્યો છું પ્રભુ મળવા,
અમર આશા એ મારી,
રખે નીવડે ઠગારી.
દર્શન તારાં દુર્લભ છે એ જાણું સઘળી વાત,
છતાંય તુજ દર્શન વિના પ્રભુ ચેન ન પડતું આજ,
નવાં નયન તું આપ,
બાલક તારો કરી રાખ.
કૃપા કરીને પુરી કર પ્રભુ અંતરની અભિલાષા,
જીવન સારું પછી વિતાવું ગાતાં તુજ યશગાથા,
અંતિમ ઈચ્છા છે એ,
પરિપૂર્ણ તું કરી દે.

❋ ❋ ❋





# ૫૨. નંદ ઘેર આનંદ ભયો

નંદ ઘેર આનંદ ભયો, ગોપી ગીત ગાય છે,
યશોદાને ઘેર આજ ગોકુળ ભેગું થાય છે.

લાલ ઝૂલે પારણે, પારણું મલકાય છે,
આજ એના અંકમાં જગન્નાથ ઝૂલાય છે.

ગોવાળોનો નાથ આવ્યો, કંસનો એ કાળ છે,
પરબ્રહ્મ પ્રગટ થયા, ના કોઈને ભાળ છે!

યશોદાનો બાળ નાનો કાળીનાગ નાથશે,
ગોપીઓનાં ગોરસ એ પ્રેમથી લુટાવશે.

યમુનાને તીર રાસ કાનો રચાવશે,
થા થા થૈયા તાક્ ધીન્, ગોપી નચાવશે.

નંદ ઘેર આનંદભયો, ગોકુળમાં અજવાશ છે,
ગીતાનો યોગેશ્વર કૃષ્ણ, રાધાજીનો શ્વાસ છે.

❋ ❋ ❋